ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૯૨ ટકા

ગાંધીનગર તાપમાન

કુડાસણ સહજાનંદ સીટી સોસાયટીમાં કરાટેના બાળકોને પદવી એનાયત

ગાંધીનગર, તા. ૨૧

વાડોકાઈ કરોટે-ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કુડાસણની સહજાનંદ સીટી સોસાયટીમાં નિયમિત કરાટેના વર્ગોનું સંચાલન થાય છે. આ વર્ગમાં અભ્યાસ કરતાં બાળકો કરાટેનું પ્રથમ બેલ્ટની પરીક્ષા સફળતાપૂર્વક સંપન્ન કરી હતી. તેથી આ બાળકોને બેલ્ટના પ્રાણપત્રો એનાયત કર્યા હતા. આ કાર્યક્રમમાં સુરજ ત્રિપાઠી (કોચ)ના હસ્તે પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. અરવિંદભાઈ રાણા (ચીફ ટેકનિકલ ડાયરેક્ટર)એ પદવી મેળવનાર બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા સે-૨૧ પોલીસ સ્ટેશન ખાતે રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

જ્યોતિ મહિલા મંડળ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે કરાઈ હતી. તમામ પોલીસ કર્મચારીઓને મહિલા મંડળની બહેનો દ્વારા કુમકુમ તિલક કરી તેમની આરતી ઉતારી અને રુદ્રાક્ષની સ્વસ્તિકની બનેલી રાખડીઓ બાધી તેમને શુભકામનાઓ આપી હતી.આ પ્રસંગે વૈદિક મંત્રોચ્ચાર પણ કર્યા હતા.

સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ મીઠાઈ દ્વારા મોઢુ મીઠું કરાવ્યુ હતુ. સાથે સાથે પોલીસ સ્ટેશનમાં જેલમાં રહેલા કેદીને પણ રાખડી બાંધી હતી. આ પ્રસંગે બહેનોએ ભેટ સ્વરૂપે જેલના કેદી પાસે ફરીથી આવા કોઈ ગુનાઓમાં નહિ સંડોવવાની અને આત્મમંથન કરી ફરીથી ખૂબ સારૂ જીવન જીવી અને કુટુંબને સુખ શાંતિ આપવાનુ વચન આપ્યુ હતુ. આ કાર્યક્રમમાં પી.આઈ. એમ.બી. ભરવાડ તેમજ અતુલભાઈ પારેખનો સારો સહયોગ રહ્યો હતો. જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના અરૂણ બુચ, ઉપપ્રમુખ નીરૂબેન નાયક, મીનાબેન શાહ, સેક્રેટરી હર્ષાબા ધાંધલ, જોઈન્ટ સેક્રેટરી જ્યોતિબેન ઠક્કર તેમજ મહિલા મંડળની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટની બી.ફાર્મની વિદ્યાર્થીનીઓએ કોલેજનું ગૌરવ વધાર્યુ

ગાંધીનગર, તા. ૨૧

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધણપમાં બી.ફાર્મ પાંચમા સેમેસ્ટરમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ કાજલ સુથાર અને આયેશા મેમણે ૭૫ હજારનુ અનુદાન પ્રાપ્ત કર્યુ હતુ. એલ.એમ. ફાર્મસી કોલેજ ખાતે, એસએસઆઈપી અંતર્ગત યોજાયેલી 'પ્રપોસલ ઓફ ગ્રાન્ટ' સ્પર્ધામાં સંસ્થાના અધ્યાપક જીગ્ના તેજસ પટેલ, ડૉ. કૌશિક બી. કનાડાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ અનુદાન પ્રાપ્ત કર્યુ હતુ. વિદ્યાર્થીનીઓને કોલેજનું ગૌરવ વધારવા બદલ સંસ્થા વતી પ્રિન્સિપાલ અને સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.



રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં ઉલ્લાસપૂર્વક રક્ષાબંધનની ઉજવણી કરી હતી. જેમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કર્યુ હતુ. દરેક બાળકોએ ખૂબ જ સુંદર રાખડી અને કોપરાની સ્વાદિષ્ટ મીઠાઈ બનાવી હતી.

જન્મદિને વધામણી

ભરતભાઈ વી. સોની

ઠાકોર વિનોદકુમાર શંભુજી
મો. ૯૮૨૪૬ ૨૬૮૨૨

યશ મહેશકુમાર મોડ
મો. ૯૮૯૮૯ ૦૦૧૦૧

ધૃતિ જે શાહ
મો. ૯૪૨૬૩ ૩૦૨૭૩

ધ્રુવ પ્રજાપતિ 'આઝાદ'
સંપાદક : ઉડ્ડયન ઈ-મેગેઝીન
મો. ૯૭૨૫૪ ૭૩૯૯૯

હિંમતભાઈ બી સોલંકી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

તૃસીબેન સુરેશભાઈ ત્રિવેદી
મો. ૯૮૨૪૯ ૭૬૮૨૧

એસ.કે. પટેલ સ્કૂલ દ્વારા ઓનલાઈન રાખી સેલિબ્રેશન

ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં રાખી સેલિબ્રેશન કરાયું હતું. જેમાં શિક્ષિકાઓએ નાના ભૂલકાંઓને રંગીન કાગળમાંથી વિવિધ આકારની રાખડી બનાવતાં શીખવી હતી અને બાળકોએ શિક્ષિકાનાં માર્ગદર્શનથી રંગીન કાગળમાંથી અલગ આકારની રાખડી બનાવી હતી. જેમાં સ્ટોન, મોતી, ચાંલ્લા, થર્મોકોલ બોલ, નેલપોલિશ વડે સજાવીને રાખડીઓ બનાવી હતી.

સોમવારે ભુવનેશ્વર મહાદેવ ખાતે મહાઆરતીનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

પવિત્ર શ્રાવણ માસમાં ભકતજનો શિવભકિતમાં તરબોળ છે ત્યારે શ્રાવણના ત્રીજા સોમવારે ૨૩ ઓગસ્ટના રોજ સાંજે ૭.૩૦ કલાકે શ્રી ભુવનેશ્વર મહાદેવનો અવિરત અભિષેક સાથે મહા આરતીનું ભવ્ય આયોજન રાખ્યું છે. દર્શન પ્રસાદનો લાભ લેવા ગાંધીનગરના ભકતોને ધર્મેન્દ્ર જોષી (પૂજારી) દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સેકટર-૩ એ ખાતે લોડીંગ રીક્ષા અને એકટીવા વચ્ચે અકસ્માત : એક ને ઈજા

ગાંધીનગર શહેરના સેકટર-૩ બી પ્લોટ નં. ૧૨૮૬-૧ ખાતે રહેતા પુરષોત્તમભાઈ ભલાભાઈ પરીખ કોર્ટની સામે માઈકો શોંપીગ સેન્ટર ખાતે નોટરીની ઓફિસ ધરાવે છે. ઘરે થી તેઓ ઓફિસ જવા માટે એકટીવા નં. જી.જે.૧૮.સી.જી. લઈને નીકળ્યા હતા. તે સમયે સેકટર-૩ એ અંબાજી માતાના મંદિર પાસે રોંગ સાઈડ આવી રહેલી લોડીંગ રીક્ષા નં.જી.જે.૦૧.ટી.ઈ.-૩૬૬૫ ના ચાલકે ગફલતભરી અને બેદરકારી રીતે રીક્ષા હંકારી એકટીવા સાથે અથડાતા પુરષોતમભાઈ નીચે પડી ગયા હતા. જયારે અકસ્માતમાં રીક્ષા પણ પલટી ખાઈ ગઈ હતી. પરંતુ ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હોવાનું ધ્યાને આવ્યું છે. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે ઘરે પણ અકસ્માતની જાણ થતા પરિવારના સભ્યો દોડી આવ્યા હતા.જયારે ૧૦૮ ને કોલ કરતા તે પણ આવી પહોંચતા નોટરી પરષોતમ ભાઈને ખાનગી હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. જયાં જમણા પગે તેમજ ફેકચર હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે રીક્ષા ચાલક સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને રક્ષાબંધન કેમ ઉજવાય છે, તેની વાર્તા તથા શ્લોકોનું ઉચ્ચારણ કરી ભાઈને તિલક અને અક્ષતથી પૂજા કરી હતી અને રાખડી બાંધી હતી. ત્યારબાદ ડાન્સ અને અલગ અલગ પ્રકારની ગેમ રમાડીને રક્ષાબંધનની ઉજવણી કરાઈ હતી.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરી હતી. જેમાં શ્લોકગાન સ્પર્ધાનું આયોજન કર્યું હતું. ડૉ. એમ.એમ. ચૌધરી (આચાર્ય)એ ગણેશ સ્તુતિ ગાઈ સ્પર્ધાનું ઉદઘાટન કર્યું હતું. જેમાં કુલ ૩૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ડૉ. સજ્જનબેન ચૌધરીએ નિર્ણાયક તરીકે સહકાર આપ્યો હતો. ડૉ. મીના વ્યાસે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં મનીષા ચૌધરી, તોરલ ઠાકોર, પાર્વતી ચૌધરી, કૃપાલી ચૌધરી, સંધ્યા રાઠોડ વિજેતા બન્યા હતા.

શ્રીકેત ત્રિવેદીની વોર્ડ પ્રમુખ તરીકે નિમણુંક

ગાંધીનગર, તા.૨૧

સાથ સહકાર સેવા ફાઉન્ડેશન સમિતીના રાષ્ટ્રીય અધ્યક્ષ દેવાંગ

વિપુલભાઈ પટેલની મંજુરીથી ગાંધીનગર વોર્ડમાં નગરજનોની સેવા માટે પ્રમુખ તરીકે શ્રીકેત ત્રિવેદીની નિમણુંક કરાઈ હતી. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષ દેવાંગભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. નવા નિમણુંક પામેલા પ્રમુખ નિષ્ઠાપૂર્વક સેવાના કાર્યોમાં સંપુર્ણ યોગદાન આપે તેવી સંસ્થા દ્વારા આશા વ્યકત કરાઈ હતી.

'શ્રી કમલમ', સેક્ટર-૨૧ ભાજપ કાર્યાલય ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધન પર્વની 'શ્રી કમલમ', સેક્ટર-૨૧ ભાજપ કાર્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં પૂર્વ મેયર શ્રીમતી રીટા પટેલ, મહાનગર મહિલા મોરચાના અધ્યક્ષા પ્રિયા પટેલ તેમજ મહિલા મોરચાની કાર્યકર્તા બહેનોએ મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિત મહાનગરના હોદ્દેદારો, કાર્યકર્તાઓને રાખડી બાંધી, આશીર્વાદ આપી પવિત્ર તહેવાર ઉજવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા 'શ્રી કમલમ', સે.૨૧ પાસે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

એસ.એસ.વી. કેમ્પસમાં ઓનલાઈન સેમીનાર

ગાંધીનગર, તા. ૨૧

નાસા સ્પેસ સેન્ટરના એમ્બેસેડર એમઆરકે. મેનોન દ્વારા એરો સ્પેસ એન્જિનિયર પ્રોગ્રામ વિષે ઝૂમ મીટિંગ દ્વારા ઓનલાઈન માહિતી આપી હતી. જેમાં ધોરણ ૬ થી ૮ અને ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓએ એરો મોડલ બનાવવા, એરોપ્લેન, ડ્રોન, રોકેટ કઈ રીતે બનાવવા તે પ્રેક્ટીકલી શીખવ્યુ હતુ અને વિદ્યાર્થીઓને કીટ પણ આપવામાં આવી હતી.

જે.એમ.પી. ગોપાલકમાં રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

જે.એમ.પી. ગોપાલક સ્કૂલ સેકટર-૧૫ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણીના ભાગરૂપે રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાયમરી વિભાગના ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ફોરમબેન અલમૌલા અને રચનાબેન જોષીના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના આચાર્ય મનીષભાઈ ખત્રી, જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ અને પ્રકાશભાઈ વાઘેલાએ બાળકોને આ પ્રવૃત્તિ માટે પ્રોત્સાહન પુરું પાડયું હતું.



ગાંધીનગર શહેરમાં તાજેતરમાં બનાવાયેલા અંડરપાસ કોઈને કોઈ રીતે વિવાદમાં સપડાયેલા રહ્યાં છે. શહેરના નવનિર્મિત કેપિટલ રેલ્વે સ્ટેશન નજીક બનાવાયેલા ક રોડ અને ખ રોડને જોડતાં અંડરપાસની ગુણવત્તા બાબતે તો સવાલો ખડા થયા છે પરંતુ તેમાં આપવામાં આવેલા વળાંકો પણ વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ શકે તેવા લાગી રહ્યાં છે. શનિવારે સવારના વરસાદી વાતાવરણમાં એક કાર ચાલક આ વળાંકમાં પસાર થતાં થાપ ખાઈ જતા તેની કાર ડિવાઈડરને અડકી જતાં કાર પલ્ટી ખાઈ ગઈ હતી જેને પછી ઘટનાસ્થળે એકઠા થયેલા નાગરિકોએ સીધી કરી હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજા થવા નહોતી પામી.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરી હતી. જેમાં બી.જે. ચૌધરી (ડી.વાય.એસ.પી.), પી.સી. વાલેરા (પી.આઈ.), ડી.જી. ટુંડિયા તેમજ સર્વે પોલીસ સ્ટાફ મિત્રો અને કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી સહિત તમામને એ ના. એ સા. એ સા. ના વિદ્યાર્થીનીઓએ રાખડી બાંધી હતી. આ કાર્યક્રમમનું સંચાલન ડૉ. સજ્જનબેન ચૌધરી (એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર) અને તારાબેન દેસાઈએ કરી હતી.

સરસ્વતી ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલમાં ઓનલાઈન વેબીનાર

ગાંધીનગર, તા.૨૧

'કેનેડામાં ઉચ્ચ અભ્યાસ અને કારકીર્દી પરિપ્રેક્ષ્યનો ભાવિ અવકાશ' વિષય પર ઓનલાઈન વેબીનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા નિશાંત પટેલ (રજિસ્ટર્ડ કેનેડિયન ફાર્માસિસ્ટ તથા સીઈઓ ફયુચર ફોરેન ઓવરસીઝ) હતા. કોલેજના ૭૯થી વધુ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ આ વેબીનારમાં ભાગ લીધો હતો. સંસ્થા દ્વારા સહભાગીઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. જયાબેન મોહનભાઈ રાંદેરીયા, ઉ.વ. ૭૯, સેકટર-૭
- સ્વ. હંસાબેન નેનાજી બિહોલા, ઉ.વ. ૫૮, જુનાવાડજ
- સ્વ. કાન્તાબેન રસિકભાઈ શર્મા, ઉ.વ. ૬૫, સેકટર-૨૭
- સ્વ. પટેલ જીતેન્દ્રકુમાર દશરથભાઈ, ઉ.વ. ૩૮, પેથાપુર
- સ્વ. ઠાકોર મેનાબેન કચરાજી, ઉ.વ. ૬૫, દોલતપુર (હાલીસા)
- સ્વ. પટેલ કનુભાઈ ફકીરભાઈ, ઉ.વ. ૯૧, અડાલજ
- સ્વ. ઠાકોર રોહિતભાઈ ગાભાજી, ઉ.વ. ૪૩, શિહોલી મોટી

બ્રહ્મસમાજના ભગિની સંગઠનનો ધાર્મિક પ્રવાસ

ગાંધીનગર, તા.૨૧

શિવ ભક્તિના પવિત્ર શ્રાવણ માસમાં બ્રહ્મ સમાજની ભગિનીઓના સંગઠનના પ્રમુખ પ્રવિણાબેન વોરા અને મહામંત્રી વિમળાબેન અયાચી દ્વારા વિનાયક ચતુર્થીના દિવસે ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રવાસનો પ્રારંભ ઓમકારેશ્વર મંદિરથી શરૂ થયો હતો જેમાં વાસણિયા મહાદેવ, જામળાના આસુદેવ મહાદેવ અને વડનગરમાં ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવના દર્શન કરાવવામાં આવ્યાં હતાં. આ પ્રવાસમાં વિશ્વ કલ્યાણ અર્થે જપ તપ અને મહિમ્ન પાઠ કરવા ઉપરાંત શાસ્ત્રીય સંગીતના શક્તિસ્વરૂપા તાનારીરીની વિરાસતના દર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત તારંગામાં તારણ-ધારણ માતા, જૈન દેરાસરો વગેરેના દર્શન કરીને સર્વ ધર્મ સમભાવ તથા સામાજિક એકરૂપતા સર્વે માટે પ્રેરણારૂપ બને તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

સેકટર-૨૩ સ્વામીનારાયણ મંદિરમાં સુકામેવાના હિંડોળા યોજાયા હતા. ભાવિકોએ ઉલ્લાસભેર કલાત્મક હિંડોળાના દર્શન કર્યા હતા.

આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'સુકામેવાની સુંદર શોભા'ના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે રાખડીના હિંડોળા યોજાશે.